“ મીઠાં બાળકો - તમારે પોતાનો સમય વેસ્ટ નથી કરવાનો , અંદર નોલેજ નું સિમરણ કરતા રહો તો નિદ્રાજીત બની જશો , બગાસા વગેરે નહીં આવશે”

પ્રશ્ન :- આપ બાળકો બાપ પર ફિદા કેમ થયા છો? ફિદા થવાનો અર્થ શું છે?

ઉત્તર :- ફિદા થવું અર્થાત્ બાપ ની યાદ માં સમાઈ જવું. જ્યારે યાદ માં સમાઈ જાઓ છો તો આત્મા રુપી બેટરી ચાર્જ થતી જાય છે. આત્મા રુપી બેટરી નિરાકાર બાપ સાથે જોડાય છે, તો બેટરી ચાર્જ થઈ જાય છે, વિકર્મ વિનાશ થઈ જાય છે. કમાણી જમા થઈ જાય છે.

ઓમ્ શાંતિ ! રુહાની બાપ બાળકોને સમજાવે છે, હમણાં અહીં તમે શરીર ની સાથે બેઠાં છો. જાણો છો મૃત્યુલોક માં આ અંતિમ શરીર છે. પછી શું થશે? પછી બાપ ની સાથે શાંતિધામ માં સાથે હશો. આ શરીર નહીં હશે પછી સ્વર્ગ માં આવશો તો નંબરવાર પુરુષાર્થ અનુસાર, બધાં તો સાથે નહીં આવે. આ રાજધાની સ્થાપન થઈ રહી છે. જેવી રીતે બાપ શાંતિ નાં, સુખ નાં સાગર છે, બાળકોને પણ એવા શાંતિ નાં, સુખ નાં સાગર બનાવી રહ્યા છે પછી જઈને શાંતિધામ માં વિરાજમાન થવાનું છે. તો બાપ ને, ઘર ને અને સુખધામ ને યાદ કરવાના છે. અહીં તમે જેટલી-જેટલી આ અવસ્થા માં બેસો છો, તમારા જન્મ-જન્માંતર નાં પાપ ભસ્મ થાય છે, આને કહેવાય છે યોગાગ્નિ. સંન્યાસી કોઈ સર્વશક્તિવાન સાથે યોગ નથી લગાવતાં. તે તો રહેવાનું સ્થાન બ્રહ્મ સાથે યોગ લગાવે છે. તે છે તત્વયોગી, બ્રહ્મ અથવા તત્વ સાથે યોગ લગાવવા વાળા. અહીં જીવ આત્માઓનો ખેલ થાય છે, ત્યાં સ્વીટ હોમ માં ફક્ત આત્માઓ રહે છે. એ સ્વીટહોમ માં જવા માટે આખી દુનિયા પુરુષાર્થ કરે છે. સંન્યાસી પણ કહે છે અમે બ્રહ્મ માં લીન થઈ જઈએ. એવું નથી કહેતા અમે બ્રહ્મ માં જઈને નિવાસ કરીએ. આ તો આપ બાળકો હવે સમજી ગયા છો. ભક્તિમાર્ગ માં કેટલી ખિટ-ખિટ સાંભળતા રહે છે. અહીં તો બાપ આવીને ફક્ત બે શબ્દ જ સમજાવે છે. જેવી રીતે મંત્ર જપે છે ને? કોઈ ગુરુ ને યાદ કરે છે, કોઈ કોને યાદ કરે છે. સ્ટુડન્ટ ટીચર ને યાદ કરે છે. હમણાં આપ બાળકોને ફક્ત બાપ અને ઘર જ યાદ છે. બાપ પાસેથી તમે વારસો લો છો શાંતિધામ અને સુખધામ નો. એ જ દિલ માં યાદ રહે છે. મુખ થી કંઈ બોલવાનું નથી. બુદ્ધિ થી તમે જાણો છો શાંતિધામ પછી છે સુખધામ. આપણે પહેલાં મુક્તિ માં, પછી જીવનમુક્તિ માં જઈશું. મુક્તિ-જીવનમુક્તિ દાતા એક જ બાપ છે. બાપ બાળકોને વારંવાર સમજાવે છે-સમય વેસ્ટ ન કરવો જોઈએ. જન્મ-જન્માંન્તર પાપો નો બોજો માથા પર છે. આ જન્મ નાં પાપો વગેરે ની તો સ્મૃતિ રહે છે. સતયુગ માં આ વાતો હોતી નથી. અહીં બાળકો જાણે છે જન્મ-જન્માંતર નાં પાપો નો બોજો છે. નંબરવન છે કામ વિકાર નું વિકર્મ, જે જન્મ-જન્માંતર કરતા આવ્યા છો અને બાપ ની નિંદા પણ ખૂબ કરી છે. બાપ જે સર્વ ને સદ્દગતિ આપે, એમની કેટલી નિંદા કરી છે? આ બધું ધ્યાન માં રાખવાનું છે. હવે જેટલું બની શકે બાપ ને યાદ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. હકીકત માં વાહ સદ્દગુરુ કહેવાય છે, ગુરુ પણ નહીં. વાહ ગુરુ નો કોઈ અર્થ નથી. વાહ સદ્દગુરુ! મુક્તિ-જીવનમુક્તિ એ જ આપે છે ને? તે ગુરુ તો અનેક છે. આ છે એક સદ્દગુરુ. તમે લોકોએ ગુરુ તો ખૂબ કર્યા છે. દરેક જન્મ માં ૨-૪ ગુરુ કરે છે. ગુરુ કરીને પછી બીજા-બીજા સ્થાન પર જાય છે. કદાચ અહીંથી સારો રસ્તો મળી જાય, ટ્રાયલ કરતા રહે છે બીજા-બીજા ગુરુઓની. પરંતુ મળતું કંઈ પણ નથી. હવે આપ બાળકો જાણો છો અહીં તો રહેવાનું નથી. બધાને જવાનું છે શાંતિધામ. બાપ તમારા નિમંત્રણ પર આવ્યા છે. તમને યાદ અપાવે છે, તમે મને કહ્યું કે આવો, અમને પતિત થી પાવન બનાવો. પાવન શાંતિધામ પણ છે, સુખધામ પણ છે. બોલાવે છે અમને ઘરે લઈ જાઓ. ઘર બધાને યાદ છે. આત્મા ફટ થી કહેશે અમારું નિવાસસ્થાન પરમધામ છે. પરમપિતા પરમાત્મા પણ પરમધામ માં રહે છે. આપણે પણ પરમધામ માં રહીએ છીએ.

હવે બાપે સમજાવ્યું છે તમારા પર વૃક્ષપતિ ની દશા બેસેલી છે. આ છે બેહદની વાત. બેહદની દશા બધાં પર બેઠી છે. ચક્ર ફરતું રહે છે. આપણે જ સુખ થી દુઃખ માં, પછી દુઃખ થી સુખ માં આવીએ છીએ. શાંતિધામ, સુખધામ પછી આ દુઃખધામ. આ પણ હવે આપ બાળકો સમજો છો, મનુષ્યો ની તો બુદ્ધિ માં નથી બેસતું. હમણાં બાપ જીતે જી મરવાનું શીખવાડી રહ્યા છે. પરવાના શમા પર ફિદા થઈ જાય છે. કોઈ એમનાં પર આશિક થઈ

બળી જાય છે, ફિદા થઈ જાય છે, કોઈ પછી ફરીને ચાલ્યા જાય છે. આ પણ બેટરી છે ને? બધાનો બુધ્ધિયોગ એ એક જ સાથે છે. નિરાકાર બાપ સાથે જાણે કે બેટરી લાગેલી છે. આ આત્મા નાં તો ખૂબ નજીક છે તો ખૂબ સહજ થાય છે. બાપ ને યાદ કરવાથી તમારી બેટરી ચાર્જ થતી જાય છે. આપ બાળકોને થોડી મુશ્કેલાત થાય છે? આમને સહજ છે. છતાં પણ આમને પુરુષાર્થ તો કરવો પડે છે, જેટલો આપ બાળકોને કરવો પડે છે. આ જેટલાં નજીક છે, એટલો પછી બોજો છે ખૂબ. ગાયન પણ છે જેમનાં માથે મામલો... આમનાં ઉપર તો ખૂબ મામલા છે ને? બાપ તો છે જ સંપૂર્ણ, આમને સંપૂર્ણ બનવાનું છે. આમને બધાની દેખ-રેખ ખૂબ કરવી પડે છે. ભલે બંને સાથે છે તો પણ વિચાર તો આવે છે ને? બાળકીઓ પર કેટલો માર પડે છે તો જાણે કે દુઃખ થાય છે. કર્માતીત અવસ્થા તો અંત માં થશે, ત્યાં સુધી વિચાર આવે છે. બાળકીઓની ચિઠ્ઠી નથી આવતી તો પણ વિચાર આવે છે-બીમાર તો નથી ને? સર્વિસ નાં સમાચાર આવવાથી બાપ જરૂર એમને યાદ કરશે. બાબા આ તન થી સર્વિસ કરે છે. ક્યારેક મોરલી થોડી ચાલે છે, આમ તો ભલે ૨-૪ દિવસ મોરલી ન પણ આવે, તમારી પાસે પોઈન્ટ્સ રહે છે. તમારે પણ પોતાની ડાયરી જોવી જોઈએ. બેજ પર પણ તમે સારું સમજાવી શકો છો. જ્યારે આદિ સનાતન દેવી-દેવતા ધર્મ હતો તો બીજો કોઈ ધર્મ નહોતો. ઝાડ પણ જરુર સાથે હોવું જોઈએ. વેરાઈટી ધર્મ નું રહસ્ય સમજાવવાનું હોય છે. પહેલાં-પહેલાં એક અદ્વૈત ધર્મ હતો. વિશ્વ માં શાંતિ, સુખ, પવિત્રતા હતાં. બાપ પાસે થી જ વારસો મળે છે કારણ કે બાપ શાંતિ નાં સાગર, સુખ નાં સાગર છે ને? પહેલાં તમે પણ કંઈ નહોતા જાણતાં. હમણાં જેમ બાપ ની બુદ્ધિમાં આ બધું છે, એમ તમે પણ બનો છો. સુખ નાં, શાંતિ નાં સાગર તમે પણ બનો છો. પોતાનો પોતામેલ જોવાનો છે-કઈ વાત માં કમી છે? હું બરોબર પ્રેમ નો સાગર છું? કોઈ એવી ચલન તો નથી જેનાથી કોઈ નારાજ થાય છે? પોતાની ઉપર નજર રાખવાની છે. એવું નહીં સમજતા કે બાબા આશીર્વાદ કરશે તો તમે આ બની જશો. ના, બાપ કહે છે હું ડ્રામા અનુસાર પોતાનાં સમય પર આવ્યો છું. મારો આ કલ્પ-કલ્પ નો પ્રોગ્રામ છે. આ જ્ઞાન બીજા કોઈ આપી ન શકે. સત્ બાપ, સત્ ટીચર, સદ્ગુરુ એક જ છે. આ પણ પાક્કો નિશ્ચય છે તો તમારો વિજય છે. આટલાં અનેક ધર્મ જે છે, એ બધાનો વિનાશ થવાનો જ છે. જ્યારે સતયુગી સૂર્યવંશી કુળ હતો તો બીજા કોઈ કુળ નહોતાં પછી પણ આમ જ થશે. આખો દિવસ આવી-આવી પોતાની સાથે વાતો કરતા રહો. જ્ઞાન નાં પોઈન્ટ્સ અંદર ટપકવા જોઈએ. ખુશી રહેવી જોઈએ. બાપ માં નોલેજ છે, એ તમને હવે મળી રહી છે. એને ધારણ કરવાની છે, આમાં સમય વેસ્ટ ન કરવો જોઈએ. રાત્રે પણ સમય મળે છે, જુએ છે આત્મા ઓરગન્સ થી કામ કરતા-કરતા થાકી ગયો છે તો પછી સુઈ જાય છે. બાપ તમારો ભક્તિમાર્ગ નો બધો થાક દૂર કરી અથક બનાવી દે છે. જેવી રીતે રાત્રે આત્મા થાકી જાય છે તો શરીર થી અલગ થઈ જાય છે, જેને નિદ્રા કહેવાય છે. સુએ કોણ છે? આત્મા ની સાથે કર્મેન્દ્રિયો પણ સુઈ જાય છે. તો રાત્રે સૂતી વખતે પણ બાપ ને યાદ કરી આવાં-આવાં વિચાર કરતા સુઈ જવું જોઈએ. બની શકે છે અંત માં રાત-દિવસ તમે નિદ્રા ને જીતવા વાળા બની જાઓ. પછી યાદ માં જ રહેશો, ખૂબ ખુશી રહેશે. ૮૪ નાં ચક્ર ને ફેરવતા રહેશો. બગાસા અથવા ઝોલા વગેરે નહીં આવે. હે નિદ્રા ને જીતવા વાળા બાળકો, કમાણી માં ક્યારેય પણ ઊંઘવાનું નથી. જ્યારે જ્ઞાન માં મસ્ત થઈ જશો ત્યારે તમારી અવસ્થા તે રહેશે. અહીં તમે થોડો સમય બેસો છો તો ક્યારેય બગાસા અથવા ઝોલા નહીં આવવા જોઈએ. બીજી-બીજી તરફ અટેન્શન જવાથી પછી બગાસા આવશે.

આપ બાળકોએ આ પણ ધ્યાન માં રાખવાનું છે કે અમારે બીજાઓને પણ આપસમાન બનાવવાના છે. પ્રજા તો જોઈએ ને? નહીં તો રાજા કેવી રીતે બનશો? ધન દિયે ધન ન ખૂટે... બીજાઓને સમજાવશો, દાન આપતા રહેશો તો ક્યારેય ખૂટશે નહીં. નહીં તો જમા નહીં થશે. મનુષ્ય તો ખૂબ કંજૂસ પણ હોય છે. ધન પર ખૂબ લડાઈ-ઝઘડા થઈ પડે છે. અહીં બાપ કહે છે તમને હું આ અવિનાશી ધન આપું છું તો તમે પછી બીજાઓને આપતા રહો. આમાં કંજૂસ નથી બનવાનું. દાન નથી આપતા તો એટલે નથી. આ કમાણી એવી છે, આમાં લડાઈ વગેરે ની વાત નથી, આને કહેવાય છે ગુપ્ત. તમે છો ગુપ્ત યોદ્ધા. ૫ વિકારો ની સાથે તમે લડો છો. તમને અનનોન વોરિયર્સ કહેવાય છે. પ્યાદા નું લશ્કર ખૂબ હોય છે. અહીં પણ એવું છે, પ્રજા ખૂબ છે, બાકી કેપ્ટન, મેજર વગેરે બધાં છે. તમે સેના છો, એમાં પણ નંબરવાર છો. બાબા સમજશે આ કમાન્ડર છે, આ મેજર છે. મહારથી, ઘોડેસવાર છે ને? આ તો બાપ જાણે છે ત્રણેય પ્રકાર નાં સમજાવવા વાળા છે. તમે વેપાર કરો છો અવિનાશી જ્ઞાન-રત્નો નો. જેવી રીતે તે પણ વેપાર શીખવાડે છે, ગુરુ ચાલ્યા જાય છે તો એમની પાછળ ચેલા ચલાવે છે ને? તે છે સ્થૂળ, આ પછી છે સૂક્ષ્મ. અનેક પ્રકાર નાં ધર્મ છે. દરેકની પોત-પોતાની મત છે. તમે પણ જઈને એમને સાંભળી શકો છો-તે લોકો શું શીખવાડે છે? શું-શું સંભળાવે છે? બાપ તો તમને ૮૪ નાં ચક્ર ની કહાણી સમજાવે છે. આપ બાળકો ને જ બાપ આવીને વારસો આપે છે, આ ડ્રામા માં નોંધ છે. હવે કળિયુગ અંત

સુધી આ આત્માઓ આવતા રહે છે, વૃદ્ધિ થતી રહે છે. જ્યાં સુધી બાપ અહીં છે, સંખ્યા વધતી જ જાય છે પછી આટલાં બધાં રહેશે ક્યાં, ખાશે શું? બધો હિસાબ રાખવો પડે છે ને? ત્યાં તો આટલાં મનુષ્ય હોતા નથી. ખાવાવાળા જ થોડા, બધાને પોતાની ખેતી રહે છે. અનાજ રાખીને શું કરશે? ત્યાં વરસાદ વગેરે માટે યજ્ઞ વગેરે નથી કરવા પડતાં, જેમ અહીં કરે છે. હવે બાપે યજ્ઞ રચ્યો છે. આખી જૂની સૃષ્ટિ યજ્ઞ માં સ્વાહા થવાની છે. આ છે બેહદ નો યજ્ઞ. તે લોકો હદ નાં યજ્ઞ રચે છે વરસાદ માટે. વરસાદ પડ્યો તો ખુશી થઈ ગઈ, યજ્ઞ ની સફળતા થઈ. નહીં થવાથી અનાજ નહીં થશે, અકાળ પડી જાય. ભલે યજ્ઞ વગેરે રચે છે પરંતુ વરસાદ નથી પડતો તો શું કરી શકે છે? આફતો તો બધી આવવાની છે. મૂશળધાર વરસાદ, ભૂકંપ આ બધું થવાનું છે. ડ્રામા નાં ચક્ર ને તો આપ બાળકો સમજ્યાં છો. આ ચક્ર પણ ખૂબ મોટું હોવું જોઈએ. જાહેરાતો મોટા-મોટા સ્થાનો માં લાગેલી હશે તો મોટા-મોટા લોકો વાંચશે. સમજી જશે કે હમણાં બરોબર પુરુષોત્તમ સંગમયુગ છે. કળિયુગ માં ખૂબ મનુષ્ય છે. સતયુગ માં થોડા મનુષ્ય હોય છે. તો બાકી બધાં આટલાં જરુર ખતમ થઈ જશે. શિવજયંતિ એટલે જ સ્વર્ગ જયંતિ, લક્ષ્મી-નારાયણ જયંતિ. વાત તો ખૂબ સહજ છે. શિવજયંતિ મનાવાય છે. એ છે બેહદનાં બાપ, એમણે જ સ્વર્ગ ની સ્થાપના કરી હતી. કાલ ની વાત છે, તમે સ્વર્ગવાસી હતાં. આ તો ખૂબ સહજ વાત છે. બાળકોએ સારી રીતે સમજીને અને સમજાવવાનું છે. ખુશી માં પણ રહેવાનું છે. હવે આપણે સદૈવ માટે બીમારીઓથી છૂટીને ૧૦૦ ટકા હેલ્દી, વેલ્દી બનીએ છીએ. બાકી થોડો સમય છે. ભલે કેટલાં પણ દુઃખ, મોત વગેરે થશે, તમે એ સમયે ખૂબ ખુશી માં હશો. તમે જાણો છો મોત તો થવાનું જ છે. કલ્પ-કલ્પ નો આ ખેલ છે. ફિકર કોઈ નથી થતી. જે પાક્કા છે તે ક્યારેય હાય-હાય નહીં કરશે. મનુષ્ય કોઈ નું ઓપરેશન વગેરે જુએ છે તો ચક્કર આવી જાય છે. હવે તો કેટલોઓનું મોત થશે? આપ બાળકો સમજો છો આ બધું તો થવાનું જ છે. ગાયન પણ છે મિરુઆ મોત મલૂકા શિકાર... આ જૂની દુનિયામાં તો ખૂબ દુઃખ ઉઠાવ્યા છે, હવે નવી દુનિયામાં જવાનું છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બાપ પાસે થી અવિનાશી જ્ઞાન-ધન લઈને બીજાઓને દાન કરવાનું છે. જ્ઞાન-દાન કરવામાં કંજૂસ નથી બનવાનું. જ્ઞાન નાં પોઈન્ટ્સ અંદર ટપકતા રહે. રાજા બનવા માટે પ્રજા જરુર બનાવવાની છે.
2. પોતાનો પોતામેલ જોવાનો છે - (ક) હું બાપ સમાન પ્રેમ નો સાગર બન્યો છું? (ખ) ક્યારેય કોઈને નારાજ તો નથી કરતો? (ગ) પોતાની ચલન પર પૂરી નજર છે?

વરદાન :- જ્ઞાન ની સાથે ગુણો ને ઈમર્જ કરી સર્વગુણ સંપન્ન બનવા વાળા ગુણ મૂર્ત ભવ

દરેકમાં જ્ઞાન ખૂબ છે, પરંતુ હવે આવશ્યકતા છે ગુણો ને ઈમર્જ કરવાની, એટલે વિશેષ કર્મ દ્વારા ગુણદાતા બનો. સંકલ્પ કરો કે મારે સદા ગુણમૂર્ત બની બધાને ગુણમૂર્ત બનાવવાનાં કર્તવ્ય માં તત્પર રહેવાનું છે. આનાથી વ્યર્થ જોવાની, સાંભળવાની કે કરવાની ફુરસદ નહીં મળે. આ વિધિ થી સ્વયં ની તથા સર્વ ની કમજોરીઓ સહજ સમાપ્ત થઈ જશે. તો આમાં દરેક પોતાને નિમિત્ત અવ્વલ નંબર સમજી સર્વગુણ સંપન્ન બનવા અને બનાવવાનું એક્ઝામ્પલ (ઉદાહરણ) બનો.

સ્લોગન :- મન્સા દ્વારા યોગદાન, વાચા દ્વારા જ્ઞાન-દાન, અને કર્મણા દ્વારા ગુણો નું દાન કરો.